# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

1) **મોરેશિયસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્ય અને પરંપરાગત રીતે સ્વાગત કરાયું.**

2) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું, શિક્ષણના ક્ષેત્રમાં મહિલાઓએ આગળ વધવું ખૂબ જરૂરી.**

3) **સરકારે અડદની ડ્યુટી-ફ્રી આયાતને 31 માર્ચ, 2026 સુધી વધુ એક વર્ષ માટે લંબાવી છે.**

4) **રમત ગમત મંત્રાલયે ભારતીય કુસ્તી સંઘ- WFI પરનો પ્રતિબંધ હટાવી લીધો.**

5) **મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ- WPLમાં આજે મુંબઈ ઇન્ડિયન અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCB વચ્ચે મુકાબલો.**

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MAURITIUS ARRIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસના મોરેશિયસ પ્રવાસે પહોંચ્યા છે, સેઇન્ટ લુઇસ એરપોર્ટ ખાતે મોરેશિયના પ્રધાનમંત્રી નવિનચંદ્ર રામગુલામે તેમનું સ્વાગત કર્યું હતું.

શ્રી મોદીએ જણાવ્યું કે, તેમની મોરેશિયસ મુલાકાત મિત્ર રાષ્ટ્ર સાથે સંવાદ કરવાનો અને વિવિધ ક્ષેત્રોમાં જોડાણનાં નવા ક્ષેત્રો ચકાસવાની સુંદર તક છે. પ્રધાનમંત્રીનું સ્વાગત કરવા હોટલ ખાતે ભારતીય મૂળનાં લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી મોદી આજે મોરેશિયસના રાષ્ટ્રપતિ ધરમ ગોખુલ અને પ્રધાનમંત્રી નવિનચંદ્ર રામગુલામ સાથે બેઠક કરશે અને ભારતીય મુળનાં લોકોનાં કાર્યક્રમમાં હાજર રહેશે.

શ્રી મોદી ભારતના ભંડોળથી શરૂ થયેલા 20 પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે. તેઓ આવતી કાલે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે.

# PREZ PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું કે, શિક્ષણના ક્ષેત્રમાં મહિલાઓએ આગળ વધવું ખૂબ જરૂરી છે. બઠિંડામાં વિશ્વ-વિદ્યાલયના પદવીદાન સમારોહમાં તેમણે જણાવ્યું કે, નૈતિકતા જ સાર્થકજીવનની આધારશીલા છે.

## (BYTE: દ્રૌપદી મુર્મૂ)

સુશ્રી મુર્મૂ આજે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# DMK PROTEST

ડીએમકેએ આજે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને ત્રણ ભાષાના મુદ્દા પર સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા, ડીએમકે સાંસદ કનિમોઝીએ કેન્દ્ર પાસે તમિલનાડુને શિક્ષણ માટે ભંડોળ આપવાની માંગ કરી હતી. તેમણે ગઈકાલે લોકસભામાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના કથિત વાંધાજનક નિવેદન બદલ માફી માંગવાની પણ માંગ કરી હતી.

કેરળના સાંસદો (UDF) એ પણ આશા કાર્યકરોના સમર્થનમાં સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, અને તેમના માનદ વેતનમાં વધારો કરવાની માંગ કરી હતી. પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસના સાંસદ કે.સી.વેણુગોપાલે જણાવ્યું કે, આશા કાર્યકરો આરોગ્ય ક્ષેત્રમાં ચોવીસ કલાક કામ કરી રહ્યા છે અને તેઓ આરોગ્ય ક્ષેત્રોમાં મુખ્ય યોગદાન આપી રહ્યા છે.

# RAJASTHAN ACCIDENTS

રાજસ્થાનના નાગૌરમાં આજે બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ વિદ્યાર્થી અને ચાર યુવકોનાં મૃત્યુ થયા છે. આજે સવારે નેશનલ લો યુનિવર્સિટી, જોધપુરના વિદ્યાર્થીઓની બસ પલ્ટી ખાતાં ત્રણ વિદ્યાર્થીનાં મૃત્યુ થયા હતા અને છને ગંભીર ઇજા થઈ હતી. આ બસ ચંદીગઢથી જોધપુર કેમ્પિંગ માટે જઈ રહી હતી.

રાજ્યમાં અન્ય એક અકસ્માતમાં ખીંવસરનાં બરાની ગામ પાસે બે વાહનો અથડાતાં કાર પલ્ટી જતાં ચાર યુવકોનાં ઘટના સ્થળે મૃત્યુ થયા હતા અને ત્રણને ગંભીર ઇજા થઈ હતી. પોલિસે બંને ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

# DELHI FIRE

દિલ્હીના કડકડડૂમા અદાલતમાં આવેલી એક ઝૂંપડપટ્ટીમાં ગઈકાલે મોડી રાત્રે અચાનક આગ લાગતાં ત્રણ લોકોના મોત થયા છે. આગની માહિતી મળતા જ પોલીસ ઉપરાંત બે અગ્નિ શમન દળની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અડધા કલાકમાં આગ પર કાબુ મેળવ્યો હતો. હાલમાં પોલીસ આગના કારણની તપાસ કરી રહી છે.

# J&K-ACCIDENT

જમ્મુ અને કાશ્મીરના, આજે રિયાસી જિલ્લામાં એક વાહન ઊંડી ખીણમાં પડી જતાં ત્રણ લોકોના મોત જ્યારે અન્ય 10 ઇજાગ્રસ્ત થયા છે.

આ અકસ્માત મહોર તાલુકાના ગંગોટ ખાતે થયો હતો. સ્થાનિક સ્વયંસેવકો, પોલીસ અને સહયોગી ક્ષેત્ર સંસ્થા દ્વારા ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રિયાસીના એસએસપી પરમવીર સિંહે જણાવ્યું કે, ગંભીર રીતે ઇજાગ્રસ્ત ચાર વ્યક્તિઓને ખાસ સારવાર માટે જમ્મુની સરકારી મેડિકલ કોલેજ (GMC) રિફર કરવામાં આવ્યા છે.

# GOVT - URAD IMPORT

સરકારે અડદની ડ્યુટી-ફ્રી આયાતને આગામી વર્ષ 31 માર્ચ સુધી વધુ એક વર્ષ માટે લંબાવી છે. એક સૂચનામાં, વિદેશ વેપાર મહાનિર્દેશાલયે જણાવ્યું કે, અડદની નિઃશુલ્ક આયાત નીતિ 31 માર્ચ, 2026 સુધી લંબાવવામાં આવી છે. આ જોગવાઈ અગાઉ આ વર્ષે માર્ચના અંત સુધી અમલમાં હતી. આ પગલાથી સ્થાનિક બજારોમાં ચીજવસ્તુઓના ભાવ સ્થિર કરવામાં મદદ મળશે. મ્યાનમાર ભારતમાં અડદનો મુખ્ય નિકાસકાર દેશ છે.

આ નાણાકીય વર્ષમાં એપ્રિલ-નવેમ્બર દરમિયાન આયાત 601.12 મિલિયન યુએસ ડોલર રહી હતી. આમાંથી 549 મિલિયન ડોલરનું અનાજ મ્યાનમારથી આયાત કરવામાં આવ્યું હતું. મ્યાનમાર ઉપરાંત, ભારત સિંગાપોર, થાઇલેન્ડ અને બ્રાઝિલથી અડદની આયાત કરે છે.

અડદના મુખ્ય ઉત્પાદક રાજ્યો મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ અને મહારાષ્ટ્ર છે. ભારત દુનિયામાં અડદનો સૌથી મોટો ઉત્પાદક અને ગ્રાહક છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને વિદર્ભમાં હીટ વેવની આગાહી કરી છે, જ્યારે કોંકણ, ગોવા અને તટિય કર્ણાટકમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે.

હવામાન વિભાગે આજે દક્ષિણ તામિલનાડુમાં ભારેથી અતિ ભારે વરસાદ અને આજે તથા આવતી કાલે તામિલનાડુ, પુડુચેરી અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, દિલ્હી-એનસીઆરમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો વધારો થશે. આગામી બે દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં ક્રમશઃ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

# WFI- SUSPENSION REVOKED

રમત-ગમત મંત્રાલયે ભારતીય કુશ્તી સંઘ, W.F.I પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. આ નિર્ણયથી જોર્ડનના અમ્માનમાં આગામી એશિયન ચેમ્પિયનશિપ માટે પસંદગી ટ્રાયલ સહિતની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવાનો માર્ગ મોકળો બન્યો છે.

મંત્રાલયે W.F.I ને અનુસરવા માટે માર્ગદર્શિકા પણ નક્કી કરી છે. જેમાં જણાવાયું કે, તમામ આંતરરાષ્ટ્રીય ઇવેન્ટ્સ માટેની પસંદગીઓ નિષ્પક્ષ, પારદર્શક રીતે અને સ્પોર્ટ્સ કોડ, યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગ નિયમો અને અન્ય સત્તાવાર નિર્દેશોનું પાલન કરીને જ કરવામાં આવે. વધુમાં, મંત્રાલયે ફેડરેશનને તેના ચૂંટાયેલા પદાધિકારીઓ વચ્ચે સત્તાનું સંતુલન જાળવવા અને સસ્પેન્ડ અથવા બરતરફ કરાયેલા અધિકારીઓથી દૂર રહેવા સૂચના આપી છે.

અનેક ખામીઓ સામે આવતા રમતગમત મંત્રાલયે 24 ડિસેમ્બર, 2023ના રોજ W.F.I ને સસ્પેન્ડ કરી દીધું હતું.

# WOMEN'S PREMIER LEAGUE (WPL)

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ- WPLમાં આજે મુંબઇના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે મુંબઈમાં ગુજરાત જાયન્ટ્સને નવ રનથી હરાવ્યું હતું. મુંબઈ દ્વારા આપેલા 180 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાતની ટીમ 170 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ સાથે મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સનાં 10-10 પોઇન્ટ થયા છે, જો કે નીચા રનરેટને કારણે મુંબઇ ઇન્ડિયન્સ બીજા ક્રમે છે.

# SAUDI PRINCE - ZELENSKY - RUBIO -MEET

સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ગઈ કાલે જેદ્દાહમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી અને અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મુલાકાત કરી હતી. આજે યોજાનારી અમેરિકા-યુક્રેન મંત્રણા બેઠક માટે ઝેલેન્સ્કી અને રૂબિયો હાલ સાઉદી અરબિયા આવ્યા છે.

ક્રાઉન પ્રિન્સે અલ-સલામ પેલેસ ખાતે ઝેલેન્સ્કીનું ઔપચારિક સ્વાગત કર્યું હતું, ત્યારબાદ ઔપચારિક મંત્રણા યોજાઈ હતી. અગાઉ, પ્રિન્સ સલમાને માર્કો રૂબિયો સાથે મુલાકાત કરી હતી.

અમેરિકન વિદેશ વિભાગનાં જણાવ્યા પ્રમાણે શ્રી રૂબિયો આવતી કાલ સુધી જેદ્દાહમાં રહેશે અને રશિયા-યુક્રેન યુધ્ધનો અંત લાવવા રાષ્ટ્રપતિ ટ્રમ્પનાં પ્રયત્નોને આગળ ધપાવવા યુક્રેનના પ્રતિનિધિમંડળને મળશે.

# ARMENIA MOU

ભારતે તબીબી ઉત્પાદનોના નિયમનના ક્ષેત્રમાં સહયોગ માટે આર્મેનિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ગઈકાલે દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને આર્મેનિયાના વિદેશ મંત્રી અરારત મિર્ઝોયાનની હાજરીમાં MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને મંત્રીઓ ડિજિટલ ટેકનોલોજી અને ફાર્માસ્યુટિકલ્સમાં સહયોગ શોધવા સંમત થયા છે. તેમણે રાજકીય આદાનપ્રદાન, વેપાર, આર્થિક, જોડાણ, શિક્ષણ, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંપર્કો સહિત ભારત-આર્મેનિયા દ્વિપક્ષીય સહયોગની સમગ્ર શ્રેણીની સમીક્ષા પણ કરી હતી.

બંને દેશોએ સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ અને આર્મેનિયાના વિદેશ મંત્રાલયની ડિપ્લોમેટિક સ્કૂલ વચ્ચે સહકાર અંગેના એક સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા.